ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અંતર્ગત યુ. એન. મેહતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ, ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ), અમદાવાદ અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ હસ્તકના હોસ્પિટલ્સ/સેન્ટર્સને સરકારી હોસ્પિટલ સમકક્ષ ગણવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્ર:**HFWD/MIS/e-file/7/2025/4301/A-1**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધાઃ-**

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૪/૮/૨૦૧૫ ના ઠરાવ ક્ર: એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ (પા.ફા)

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૮/૦૩/૨૦૧૬ નો ઠરાવ ક્ર.એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/અ-૧

(3) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૧૫/૦૫/૨૦૨૫ નો ઠરાવ ક્ર. HEWD/MSM/e-file/7/2024/6613/S

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૨/૦૪/૨૦૨૫ નો ઠરાવ ક્ર.HFWD/MSM/e-file/7/2024/6640/S

**પ્રસ્તાવના:**

રાજ્ય સરકારના અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનર તથા તેમના આશ્રિત કુટુંબીજનોએ મેળવેલ તબીબી સારવારનો ખર્ચ મંજૂર કરવા માટે ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૨૪/૮/૨૦૧૫ ઠરાવથી જાહેર કરવામાં આવેલ ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ હાલ અમલમાં છે. આ નિયમોના નિયમ-૨.૪ માં (૧) યુ. એન. મેહતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ, (૨) ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ), અમદાવાદ અને (૩) ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદને સરકારી હોસ્પિટલ સમકક્ષ ગણવામાં આવેલ છે.

ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૦૮/૦૩/૨૦૧૬ ઠરાવથી આ નિયમોમાં ઉમેરવામાં આવેલ નિયમ-૧૧.૧(અ) માં સરકારી અને સરકારી હોસ્પિટલ સમકક્ષ હોસ્પિટલ્સમાં મેળવેલ સારવારના બિલ્સ નાણાકીય મર્યાદા વિના ઉપાડ અને ચુકવણી અધિકારી (તિજોરી અધિકારી) ને મંજૂર કરવાની સત્તા આપવામાં આવેલ છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક: (૩) અને (૪) થી અનુક્રમે યુ. એન. મેહતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ તથા ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ), અમદાવાદ દ્વારા રાજ્ય સરકારની મંજૂરી મેળવીને તબીબી સેવાઓ સુદ્રઢ બનાવવા માટે શરૂ કરવામાં આવેલ અને હવે પછી ભવિષ્યમાં શરૂ કરવામાં આવનાર હોસ્પિટલ્સ અને સેન્ટર્સ તથા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ દ્વારા રાજ્ય સરકારની મંજૂરી મેળવીને હવે પછી ભવિષ્યમાં શરૂ કરવામાં આવનાર હોસ્પિટલ્સ અને સેન્ટર્સને પણ સરકારી હોસ્પિટલ સમકક્ષ ગણીને આ નિયમોમાં સમાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકારશ્રી દ્વારા નીચે મુજબ ઠરાવવામાં આવે છે:

**૧.** યુ. એન. મેહતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ તથા ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ), અમદાવાદ દ્વારા તબીબી સેવાઓ સુદ્રઢ બનાવવા રાજ્ય સરકારની મંજૂરી મેળવીને નવા શરૂ કરાયેલ અને હવે પછી ભવિષ્યમાં શરૂ કરવામાં આવનાર હોસ્પિટલ્સ અને સેન્ટર્સને તથા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ દ્વારા

રાજ્ય સરકારની મંજૂરી મેળવીને હવે પછી ભવિષ્યમાં શરૂ કરવામાં આવનાર હોસ્પિટલ્સ અને સેન્ટર્સ ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ના નિયમ-(૨.૪) હેઠળ સરકારી હોસ્પિટલ સમકક્ષ ગણાશે.

**૨.** ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અને તા.૦૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ તથા આ વિભાગના અન્ય આનુષાંગિક ઠરાવો/પરિપત્રોની જોગવાઇઓ યથાવત રહેશે.

**૩.** આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગ અને નાણા વિભાગ મારફત સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બ્રીજેશ મોદી)

ઉપ સચિવ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો (આપના હસ્તકની તમામ કચેરીઓમાં પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક/સંયુક્ત/નાયબ સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આરોગ્ય) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, નામ. ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- કમિશનરશ્રી(અર્બન), આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી(રૂરલ), આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રીઓ/ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/ સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ/ સર્વે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ/ સર્વે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી-સહ-સિવિલ સર્જનશ્રીઓ, જનરલ હોસ્પિટલ.
- સર્વે અધિક્ષકશ્રીઓ, સરકારી હોસ્પિટલ.
- સર્વે ડીનશ્રીઓ, મેડીકલ કોલેજ તથા ડેન્ટલ કોલેજ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.

- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની સર્વે ખાતાના વડાની તથા અન્ય કચેરીઓ
- સિસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ)
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૬

Signature Not Verified
Signed by:Brijeshkumar D Modi
Under Secretary
Date:2026.01.18
09:03:31 +5:30